## ઈ-મેઇલ મેસેજ

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૯/૨૦૨૪, તા.૦૮/૦૧/૨૦૨૪

<u>વિગત</u> :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૦૭/૦૧/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચા/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

(૧) તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એમ.રાઠોડના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ.એસ.સી.નિમાવત તેમજ મહિલા પોસ્ટેના સ્ટાફ દ્વારા તેમજ મહિલા અભિયમ ૧૮૧-ના કાઉન્સલર દ્વારા વસંતજી ખેરાજ પ્રાથમિક શાળા પોરબંદર સ્કુલના પ્રિન્સિપાલ તેમજ શિક્ષકોની ઉપસ્થિતિમા પોરબંદરની વસંતજી ખેરાજ પ્રાથમિક શાળા ના આશરે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને જાગ્રુતિકરણ અંગે સેમિનારમાં, બાળ રક્ષણ અંગેના તેમજ બાળ શોષણ વિરુધ્ધના કાયદાઓ વિષે તેમજ વિદ્યાર્થીઓને સ્પે.પોક્સો એક્ટ ૨૦૧૨ ના કાયદા અંતર્ગતની વિગતવારની માહિતિ આપવામાં આવી. તેમજ ગૂડ ટચ, બેડ ટચ અંગેની માહિતી આપવામાં આવી. જરૂર પડ્યેથી તુરત જ ઇમરજન્શી હેલ્પ લાઇન નંબર, ચાઇલ્ડ હેલ્પ લાઇન નં-૧૦૯૮ બાબતે તેમજ ૧૦૦, ૧૧૨, તથા મહિલા હેલ્પ લાઇન ૧૮૧ ઉપયોગમાં લેવા બાબતે સમજ કરી, તેમજ છેડતી/મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યાઓ અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે અંગેની જાણકારી આપી તેમજ આ ઉપરાંત વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડ તેમજ સોશીયલ મીડીયામા કોઇ હેરાન કરે તો તે અંગે સાયબર હેલ્પ લાઇન નં. - ૧૯૩૦ પર સંપર્ક કરવા સમજ કરી, સાયબર ક્રાઇમ ફ્રોડ થતો અટકાવવા બાબતે જાણકારી આપવામાં આવી તેમજ ફરીયાદ કરનારની ઓળખ ગુપ્ત રાખવામા આવશે. તે અંગે પણ જાણકારી આપવામાં આવી તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની ઓનલાઇન ફરીયાદ બાબતે તથા સિટીઝન ફર્સ્ટ એપ વિષે વિગતવાર માહિતિ આપવામાં આવી તેમજ આજુબાજુમા નશીલા પદાર્થનુ સેવન કરતા હોય તેમજ વેચાણ કરતા હોય તેની જાણકારી પોલીસ ને આપવી.

(૨) તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એમ.રાઠોડના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ.એસ.સી.નિમાવત તેમજ મહિલા પોસ્ટેના સ્ટાફ દ્વારા આજરોજ તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ ગોઢાણીયા કોલેજ પોરબંદર કોલેજના પ્રિન્સિપાલની ઉપસ્થિતિમા પોરબંદરની ગોઢાણીયા કોલેજ ના આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીનીઓને સ્પે. પોક્સો એક્ટ ૨૦૧૨ ના કાયદા અંતર્ગતની વિગતવારની માહિતિ આપવામાં આવી તેમજ વિદ્યાર્થીનીઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી તથા સાયબર ફ્રોડ બાબતે જાણકારી આપી તેમજ સોશીયલ મીડીયામા કોઇ હેરાન કરે તો સાયબર હેલ્પ લાઇન નં.૧૯૩૦ પર સંપર્ક કરવા સમજ કરી તેમજ ફરીયાદ કરનારની ઓળખ ગુપ્ત રાખવામા આવશે.તે અંગે જાણકારી આપી.તેમજ ઘરેલુ હિંસા,છેડતી/મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યાઓ અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે અંગે તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સમજ કરી. તથા પોલીસ નો સંપર્ક કરવા ૧૦૦/૧૮૧ નો જરૂર પડ્યેથી ઉપયોગ કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી, કાનુની સહાય અને રક્ષણ કઇ રીતે મેળવી શકાય જે બાબતની વિગતવારની જાણકારી આપવામા આવી તેમજ ટ્રાફીક નિયમોનુ પાલન કેવીરીતે કરવુ તેમની પણ સુચનાઓ આપવામા આવી તેમજ આજુ-બાજુમા કોઇ નસીલા પદાર્થ નુ વેચાણ કે સેવન કરતા હોય તેની પોલીસને જાણ કરવાની સુચાના આપેલ.

(૩) તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એમ.રાઠોડ ના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ.એસ.સી.નિમાવત, પો.સ.ઇ-કે.એમ.સૈયદ  તેમજ મહિલા અભિયમ ૧૮૧ ટીમ દ્વારા આજરોજ તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ કામદાર ચોક પ્રાથમિક શાળા પોરબંદરના પ્રિન્સિપાલની ઉપસ્થિતિમા પોરબંદરની કામદાર ચોક પ્રાથમિક શાળા ના  આશરે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને સ્પે. પોક્સો એક્ટ ૨૦૧૨ ના કાયદા અંતર્ગતની વિગતવારની માહિતિ આપવામાં આવી તેમજ વિદ્યાર્થીનીઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી તથા સાયબર ફ્રોડ બાબતે જાણકારી આપી તેમજ સોશીયલ મીડીયામા કોઇ હેરાન કરે તો સાયબર હેલ્પ લાઇન નં.૧૯૩૦ પર સંપર્ક કરવા સમજ કરી તેમજ ફરીયાદ કરનારની ઓળખ ગુપ્ત રાખવામા આવશે.તે અંગે જાણકારી આપી.તેમજ ઘરેલુ હિંસા,છેડતી/મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યાઓ અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે અંગે તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સમજ કરી. તથા પોલીસ નો સંપર્ક કરવા ૧૦૦/૧૮૧ નો  જરૂર પડ્યેથી ઉપયોગ કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી, કાનુની સહાય અને રક્ષણ કઇ રીતે મેળવી શકાય જે બાબતની વિગતવારની  જાણકારી આપવામા આવી તેમજ ટ્રાફીક નિયમોનુ પાલન કેવીરીતે કરવુ તેમની પણ સુચનાઓ આપવામા આવી જેઓને ગુડ ટચ તેમજ  બેડ ટચ વિશે માહિતી આપેલ, તેમજ મકરસંક્રાંતિ તહેવાર અંતર્ગત પ્લાસ્ટિકના દોરા ઉપયોગ ના કરવા અને રોડ ઉપર પતંગ ના ચગાવી અને પક્ષીઓને નુકસાન ના પહોંચાડવું તે વિશે માહિતી આપેલ.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય**

આ કામના આરોપી પુનમબેન વા/ઓ રાજેશ ઉર્ફે રાજા ઉર્ફે રાજુ મુરૂભાઇ કુછડીયા ઉ.વ.૩૯ રહે.જી.આઇ.ડી. સી. રેસીડન્ટ ગીતા નગરના ગેઇટની સામે “આર કે હાઉસ” પોરબંદર વાળાને હકીકત આધારે ઉપરોક્ત ગુન્હાના કામે તા.૦૨/૦૧/૨૪ ના ક.૧૭/૦૦ વાગ્યે ધોરણસર અટક કરેલ અટક કરનાર અધિકારી એસ.આર.ચાવડાપો.સબ.ઇન્સ. તથા પોલીસ સ્ટાફ ઉદ્યોગનગર પો.સ્ટે.પોરબંદર કરવામા આવેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે. ના  પો.ઈન્સ. એસ.ડી.સાળુંકે તથા સ્ટાફ દ્વારા ઉપરી અધિકારીશ્રી દ્વારા ગુમ/અપહરણ થયેલ બાળકો સ્ત્રીઓને શોધી કાઢવા માટે વખતો વખત સુચના કરેલ જે સુચના અન્વયે હાર્બર મરીન પોલીસ સ્ટેશન એ અરજી નં.૩૨/૨૦૨૩ ના કામે અરજદારશ્રી નાથાભાઇ ભુરાભાઇ ઓડેદરાનાઓએ આક્ષેપ કરેલ હતો કે, એક બાળકની સને-૨૦૧૧ થી ગુમ હોય અને તે બાળકની હત્યા થયેલની શંકા હોવાની અરજીની તપાસ સંદર્ભે ટેકનીકલ અને હ્યુમન સોર્સીસ વડે આ ગુમ થનાર બાળકને શોધવા પોરબંદર પોલીસની ટીમ લાગેલ હતી અને સખત પરીશ્રમને અંતે આ ગુમ થનાર બાળક તેના પાલક પિતા રામસેવક ગુપ્તા સાથે ઉત્તર પ્રદેશના સોનગઢ જીલ્લાના પતરીહા ગામે રહેતો હોય અને આ બાળક હાલ ૨૦ વર્ષ જેટલી ઉંમરનો અને તેનુ નામ અનુજકુમાર ગૂપ્તા હોવાનુ જાણવા મળતા પોલીસ અધિક્ષકશ્રી બી.યુ. જાડેજા સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ પોરબંદર પોલીસની એક ટીમ બનાવવામા આવેલ જેમાં (૧)પો.સબ.ઇન્સ.શ્રી. એ.એ.મકવાણા કિર્તીમંદીર પો.સ્ટે. તથા (૨) લેખરાજસિંહ વૈધપ્રકાશ પો.કોનસ. હાર્બર મરીન પો.સ્ટે. તથા (૩) પિયુશ રણમલભાઇ પો.કોન્સ. કુતિયાણા પો.સ્ટે. તેમજ (૪) ડ્રાઇવર પો.કોન્સ. રામદે ભીમાભાઇ હાર્બર મરીન પો.સ્ટે. નાઓ સરકારી વાહનમાં ઉત્તરપ્રદેશ રાજયના સોનભદ્ર જીલ્લાના પતરીહા ગામથી ગુમ થનાર બાળક અનુજકુમાર ગુપ્તા સ/ઓ રામસેવક ગુપ્તા હાલ ઉવ. આશરે ૨૦ વર્ષ તથા આ અનુજના પાલક પિતા રામસેવક ગુપ્તા સ/ઓ પંચ્ચા ગુપ્તા મળી આવેલ અને આ બાળકને સને -૨૦૦૪ મા રુપીબેન તથા રાણા ભીખા છેલાણાનાઓ છોકરાની સારવાર કરાવી ન શકતા આ બાળકને સારવાર કરાવી રાખવા સોપેલ હતો જે અંગેના ડોકયુમેન્ટ રજુ કરેલ અને પોલીસને આગળની તપાસમા સહકાર આપવા સ્વખુશીથી અનુજ તથા રામસેવક ગુપ્તા પોરબંદર આવવા તૈયાર થયેલ હોય તેમને પોરબંદર ખાતે સાથે લાવી જે બાળકની હત્યા કરાયેલ છે તેવા ગંભીર આક્ષેપો તદ્દન ખોટા અને પાયા વિહોણા હોય જે પોલીસે રાત દિવસ પ્રખર મહેનત કરી સાબિત કરેલ અને ગુમ થનાર બાળક અનુજ અને તેના પાલક પિતા રામસેવક ગુપ્તાને શોધીલ છે.

(૨) તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે. ના અધિકારી/સ્ટાફ  દ્વારા મહિલા પોસ્ટે દ્વારા ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.તા.૦૩/૦૧/૨૦૨૪ ના રોજ

મહિલા પો.સ્ટે.ના અધિકારી /સ્ટાફ દ્વારા મહિલા પોસ્ટે સ્કુલ /કોલેજ /તેમજ વાડી પ્લોટ /ચોપાટી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના અધિકારી /સ્ટાફ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી/શાકમાર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના અધિકારી/સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડભાડવાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી.

તા.૦૬/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે. ના અધિકારી /કર્મચારીઓ દ્વારા મહિલા પોસ્ટે દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડ ભાડવાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ. જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૦૬/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના PSI શ્રી એ.સી.નીમાવત તથા સ્ટાફ દ્વારા સુદામા ચોક ખાતે મહિલાઓને તથા બાળકોને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન, ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી તથા સાયબર ફ્રોડ બાબતે તેમજ ઘરેલુ હિંસા, તેમજ છેડતી, મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તથા તેમજ બાળકોને “ગુડ ટચ બેડ ટચ” અંગેની જાણકારી આપવામા આવી. તેમજ મકરસંક્રાતી પર્વ નીમીતે સી-ટીમ દ્વારા પેટ્રોલીગમા રહી નરસંગ ટેકરી વિસ્તારમાં આવેલ પતંગના સ્ટોલ ખાતે ચાઇનીઝ દોરાનુ વેચાણ થતુ નથી તેની ખાત્રી કરેલ અને યોગ્ય સુચનાઓ આપેલ.તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના PSI શ્રી એ.સી.નીમાવત તથા સ્ટાફ દ્વારા સત્યનારાયણ મંદિર ખાતે મહિલાઓને તથા બાળકોને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી તથા સાયબર ફ્રોડ બાબતે તેમજ ઘરેલુ હિંસા, તેમજ છેડતી, મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તેમજ બાળકો “ગુડ ટચ બેડ ટચ” અંગેની જાણકારી આપવામા આવી.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર